પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં
ખાલી જગ્યાઓ ભરવા વિદ્યાસહાયક
યોજનામાં ઉપલી વયમર્યાદા બાબત.

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ. રા. ગાંધીનગર
04 MAY 2016
૧૪૩૨

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧૧૦/૨૨૩-ભાગ-૨/ક
સચિવાલય,ગાંધીનગર
તારીખ-૨૧/૦૪/૨૦૧૬

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક તા. ૨૭/૦૪/૨૦૧૧
(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧૨૦૧૨/૫૫૨૨૩૧/ક તા. ૦૨/૦૧/૨૦૧૩
(૩) સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંક-સીઆરઆર/૧૧૨૦૦૮/૨૮૨૩૨૩/ગ-૫ તા. ૬/૧૦/૨૦૧૫
(૪) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક-પ્રાશિનિ/નીતિ/૨૦૧૬/ક/૨૩૮૬ તા.૧૧/૦૪/૨૦૧૬

આ મુ ખ :-

સામાન્ય વહીવટ વિભાગના ઉપર ક્રમાંક-૩ આગળ દર્શાવેલ તા. ૦૬/૧૦/૨૦૧૫ ના ઠરાવથી માન. મુખ્ય મંત્રીશ્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે રાજયની તમામ ભરતી પ્રક્રિયામાં એ.સી., એસ.ટી., ઓ.બી.સી અને બીન અનામત દરેક વર્ગની હાલની મહત્તમ વયમર્યાદામાંપાંચ વર્ષનો વધારો કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આથી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણે તેમના ઉપર ક્રમાંક (૪) આગળ દર્શાવેલ પત્રથી રાજયની જીલ્લા/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની ભરતીમાં મહત્તમ વયમર્યાદામાં વિભાગના ઉપર ક્રમાંક-૧ તથા ૨ આગળ દર્શાવેલ તા. ૨૭/૪/૨૦૧૧ તથા ૦૨/૦૧/૨૦૧૩ ના ઠરાવમાં જરુરી સુધારો કરવા દરખાસ્ત કરેલ છે જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ ::-

પુખ્ત વિચારણાને અંતે વિભાગના તારીખ ૨૭/૦૪/૨૦૧૧ના ઠરાવના ફકરા-૧૩ અને વિભાગના તારીખ ૦૨/૦૧/૨૦૧૩ના ઠરાવની જોગવાઇઓમાં ફેરફાર કરીને રાજયની જીલ્લા/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની ભરતીમાં પ્રાથમિક શિક્ષણ (ધોરણ-૧ થી ૫) ના વિદ્યાસહાયકો માટે લઘુત્તમ વયમર્યાદા ૧૮ વર્ષ અને મહત્તમ વયમર્યાદા ૨૮ ના બદલે ૩૩ વર્ષ કરવાનું તથા ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધોરણ-૬

થી ૮) ના વિદ્યાસહાયકો માટે લઘુત્તમ વયમર્યાદા ૧૮ વર્ષ અને મહત્તમ વયમર્યાદા ૩૦ ના બદલે ૩૫ વર્ષ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એ.આઇ. પટેલ )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

ક્રમાંકઃપ્રાશિનિ/નીતિ/૨૦૧૬/ક/૨૯૫૮-૬૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા.૧૧/૦૫/૨૦૧૬

નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ.શિ.સ. તમામ
- શાસનાધિકારીશ્રી, ન.પ્રા.શિ.સ. તમામ

❖ સિલેક્ટ ફાઇલ/ નાયબ સકશન [illegible]
સિલેક્ટ ફાઇલ